હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ
જોડાણ અરજી અંગેની જાહેરાત ક્રમાંક : ૪૨/૨૦૧૮

યુનિવર્સિટી ધારાની કલમ–૩૫ અન્વયે જૂન–૨૦૧૯ થી નવી કોલેજો શરૂ કરવા ઈચ્છતા તેમજ હાલની અને સંલગ્ન કોલેજોના ચાલુ/વધારાના/કાયમી જોડાણ માટે અરજી કરવા ઈચ્છતા રજીસ્ટર્ડ મંડળ/ટ્રસ્ટ/કોલેજ પાસેથી તા.૩૧/૦૩/૨૦૧૮ સુધીમાં અચૂક મળી રહે તે મુજબ નિયત અરજીપત્રકમાં અરજીઓ મંગાવવામાં આવે છે. કોલેજ શરૂ કરવા અંગેના નિયમોની માહિતી તેમજ જોડાણ અંગેનું અરજી પત્રક યુનિવર્સિટી વેબસાઈટ www.ngu.ac.in ઉપરથી મેળવી શકાશે. નવા જોડાણની ફી રૂા.૨,૦૦,૦૦૦/– + પ્રોસેસ ફી રૂા.૨,૦૦૦/– મળી કુલ રૂા.૨,૦૨,૦૦૦/– તથા કાયમી જોડાણ માટે રૂા.૧,૦૦,૦૦૦/– + રૂા.૨,૦૦૦/– પ્રોસેસ ફી મળીને કુલ રૂા.૧,૦૨,૦૦૦/– રકમ ઓનલાઈન નેટબેંકીંગ દ્વારા ભરી તેની ફી ભર્યાની પહોંચ સાથે જોડાણ અરજી કુલ સચિવશ્રી, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણને મોકલવાની રહેશે. ચાલુ/વધારાના કે અન્ય જોડાણ માટે ઓર્ડિનાન્સ–૮૭ મુજબ જોડાણ ફી ભરવાની રહેશે. આ યુનિવર્સિટી સંલગ્ન કોલેજનું જોડાણ મેળવવા માંગતી સંસ્થાઓએ જયાં જરૂરી હોય ત્યાં સંલગ્ન કાઉન્સિલની મંજૂરી માટે તેમજ યુનિવર્સિટીના NOC માટે અગાઉ અરજી કરેલી હોવી જરૂરી છે.

વધુમાં તા.૩૦/૦૪/૨૦૧૮ સુધીમાં નવા/ચાલુ/વધારાના/કાયમી જોડાણ કે અન્ય જોડાણ માટે ઓર્ડિનાન્સ–૮૭ મુજબ નિયત તારીખ સુધી જ લેઈટ ફી સાથે અરજી સ્વીકારવામાં આવશે. ત્યારબાદ કોઈપણ સંજોગોમાં શૈક્ષણિક વર્ષ : ૨૦૧૯–૨૦ ના નવા/ચાલુ/વધારાના/કાયમી જોડાણ માટે અરજી સ્વીકારવામાં આવશે નહીં. જોડાણની અધૂરી વિગતોવાળી તેમજ સમય મર્યાદા બહાર મળેલ અરજી/દરખાસ્તો ધ્યાને લેવામાં આવશે નહીં, જેની સબંધિતોએ નોંધ લેવી.

શિક્ષણ વિભાગના પત્રાંક : સયજ/૨૦૦૬/૧૬૦૨/ખ–૧, તા.૧૧/૦૮/૨૦૧૪ થી કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ઈતર પ્રવૃત્તિમાં પણ રૂચિ ઉત્પન્ન થાય તે માટે નવી જોડાણ અરજી મેળવતી કોલેજોએ SCOPE, NSS, NCC અથવા અન્ય કોઈ અભ્યાસેત્તર સંબંધિત પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓ ભાગ લઈ શકે તે રીતે પોતાની રીતે આ અંગેની વ્યવસ્થા ઉભી કરવાની રહેશે.

**નોંધ :**

(૧) યુ.જી.સી. ના નિયમ અનુસાર જે સંસ્થા/ટ્રસ્ટ પાસે ૫ એકર જમીન ટ્રસ્ટના નામે હોય તેમણે જ નવી કોલેજ માટે અરજી કરવી.
(૨) કોમર્શિયલ કોમ્પલેક્ષ હોય તેની અંદર કોઈપણ સંસ્થા/ટ્રસ્ટ નવી કોલેજ શરૂ કરી શકશે નહીં.
(૩) જે કોઈ ટ્રસ્ટ/મંડળ/સોસાયટી/કોલેજ દ્વારા નવા જોડાણ માટે જે વિદ્યાશાખાની જોડાણ અરજી કરેલ હશે તે વિદ્યાશાખાને પાછળથી અન્ય વિદ્યાશાખામાં તબદીલ કરવામાં આવશે નહીં.
(૪) શિક્ષણ વિભાગના તા.૧૧/૦૮/૨૦૧૪ ના પત્રાંક : સયજ/૨૦૦૬/૧૬૦૨/ ખ–૧ થી કાયમી જોડાણ મેળવવાપાત્ર કોલેજે નેશનલ એક્રિડીટેશન એન્ડ એસેસમેન્ટ કાઉન્સિલ (NAAC) દ્વારા 'B' અથવા તેનાથી ઉચ્ચ ગ્રેડ પ્રાપ્ત કરેલ હશે તેવી કોલેજોએ જ કાયમી જોડાણ માટેની અરજી કરવાની રહેશે.
(૫) ઓર્ડિનાન્સ–૮૭ પ્રમાણે ભરેલ જોડાણ ફી ના નાણાં પરત મળશે નહીં.
(૬) ભરવાની થતી જોડાણ ફી ઓનલાઈન નેટબેંકીંગ દ્વારા www.ngu.ac.in ની Affiliation Fee લીંક પર જઈ ભરવાની રહેશે.
(૭) રાજય સરકારશ્રીના નિર્દેશાનુસાર (કેશલેશ) ફી ઓનલાઈન ભરવાની રહેશે.

સ્થળ : પાટણ–૩૮૪ ૨૬૫ (ર્ડા.ધ.મ.પટેલ)
તારીખ : ૨૩/૦૧/૨૦૧૮ કા.કુલસચિવ

---

**હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી**

જા. નં./એકે/જોડાણ/૯૫૯૩/૨૦૧૮
યુનિવર્સિટી રોડ, પો. બો. નં. ૨૧,
**પાટણ (ઉ.ગુ.) ૩૮૪ ૨૬૫**
તા.૨૩/૦૧/૨૦૧૮

પ્રતિ,
સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ,
તરફ જાણ તથા અમલ સારું.

કુલસચિવ વતી